# કોમ્યુનિટી કેર ગ્રાન્ટ

તમને આ ગ્રાન્ટ મળે તો એ રકમ પરત નથી કરવી પડતી. તમને ઈન્કમ સપોર્ટ મળતું હોય યા છ વીકની અંદર મળવાનું હોય તો તમે આ ગ્રાન્ટ માગી શકો છો. તમે હોસ્પિટલ, નર્સીંગ હોમ, કે કેદખાનામાંથી નીકળવાની તૈયારીમાં હો અને નીકળતાંની સાથે ઈન્કમ સપોર્ટ લેવાના હો ત્યારે આવું બને છે.

**નીચે બતાવેલ મુદ્દામાંથી કાંઇ લાગુ પડે તો જ તમને આ ગ્રાન્ટની રકમ માટે યોગ્ય ગણવામાં આવશે:-**

- જેને સંભાળની જરૂર હોય તે વ્યક્તિ – તમે પોતે, તમારૂં કોઇ પરિવારજન, અથવા તમારી કે તમારા પરિવારજનની સંભાળ હેઠળની તેવી કોઇ વ્યક્તિ – સંસ્થાકિય યા રેસિડેન્શિયલ કેરમાં રહ્યા બાદ, આમ સમાજમાં ફરી સ્થાયી થવા અર્થે;
- જેને સંભાળની જરૂર હોય તે વ્યક્તિ – તમે પોતે, તમારૂં કોઇ પરિવારજન, અથવા તમારી કે તમારા પરિવારજનની સંભાળ હેઠળની તેવી કોઇ વ્યક્તિ – સંસ્થાકિય યા રેસિડેન્શિયલ કેરમાં જવાને બદલે આમ સમાજંની વચ્ચે જ રહી શકે એ અર્થે;
- તમને કે તમારા પરિવારને અતિશય તનાવમાં રાહત આપવા અર્થે;
- ટૂંકી મુદત માટે મુક્તિ મળી હોય તેવા કેદીને કે યુવા-ગુનેગારની સંભાળ તમે યા તમારા જીવનસાથી રાખી શકો એ અર્થે ;
- તમે કે તમારા પરિવારમાંથિ કોઈને અમુક ખાસ સંજોગોમાં યુ.કે.માં સફર કરવા અર્થે.

## *ગ્રાન્ટ માટે માન્ય એવી સફર:-*

૧. કોઇ બિમાર સગાને, જીવનસાથીને યા અમુક કિસ્સામાં નિકટના મિત્રને મળવા જવા માટે;
૨. કોઇ સગાની અંતિમક્રિયામાં જવા માટે;
૩. ઘરમા આવી પડેલ કોઇ આફતમાં રાહત મેળવવા માટે;
૪. ઘર બદલીને કોઇ વધારે યોગ્ય ઠેકાણે રહેવા જવા માટે;
૫. તમારા બાળકના ઉછેરનો હવાલો મેળવવા અર્થેની સુનાવણીમાં હાજરી આપવા કોર્ટમાં જવા માટે.

**કોમ્યુનિટી કેર ગ્રાન્ટ/બજેટીંગ લોન માટે તમે અરજી કરો ત્યારે તમારી પાસે £૫૦૦ સુધીની બચત હોય તો એ ભંડોળને લક્ષમાં નહીં લેવાય. તમે કે તમારા જીવનસાથી ૬૦ વર્ષથી મોટી ઉંમરના હો તો £૧૦૦૦ સુધીની બચતને અવગણવામાં આવશે.**

## **નોંધ:**

**સોશિયલ ફંડ હેઠળ કોઇ પણ રકમ મળવાનો અબાધિત હક્ક નથી બનતો, આ ગ્રાન્ટ સંજોગાનુસાર જ અપાય છે. માટે, સંભવ છે કે ઉપર બતાવેલ કોઇ મુદ્દો લાગુ પડતો હોય તો પણ તમને ગ્રાન્ટ નકારવામાં આવે. આ ગ્રાન્ટ માટે અમુક મર્યાદિત રકમ જ સોશિયલ ફંડમાં ફાળવવામાં આવે છે, અને એથી વધારે રકમ વાપરી જ ન શકાય.**

## **અરજી કેવી રીતે કરવી**

**ડીડબ્લ્યુપીની ઓફિસમાંથી SF300 નામનું ફોર્મ મેળવીને ભરો. જે વસ્તુઓ લેવાની છે તેની કિંમત ઓછી ન આંકશો; લોકલ દુકાનોમાંથી કૅટેલોગ (ભાવનું લીસ્ટ) મેળવી લો.**

**કોઇ એક વસ્તુ કે સેવાના ખર્ચ માટેની ગ્રાન્ટ માટે ૨૬ વીકની અંદર બીજી વખત અરજી ના કરી શકાય, સિવાય કે તમારા સંજોગોમાં એવો અર્થ-પૂર્ણ ફેરફાર થયો હોય.**

## ***નિર્ણય કરવાની પ્રક્રિયા અને અગ્રતાક્રમ***

દરેક કેસને લગતા સંજોગોને સોશિયલ ફંડના અફસરોએ ધ્યાનમાં લેવાના હોય છે. દા. ત. –

- કેસ કેટલો તાકીદનો છે;
- એ જરૂરિયાત અન્ય કોઇ રીતે સંતોષી શકાય એમ હોય તો;
- બજેટમાં કેટલું ભંડોળ બાકી છે.

નીચેના મુદ્દાઓ ઉપરથી અગ્રતાક્રમ આંકી શકાય છે:

- માનસિક કે શારીરિક ડીસેબીલીટી;
- બિમારી કે સામાન્ય દુર્બળતા;
- શારીરિક કે કૌટુંબિક જુલમ યા ઉપેક્ષા;
- લાંબા કાળ સુધીની બેઘર સ્થિતિ;
- વેરણછેરણ કુટુંબ;
- અણછાજતી વર્તણૂક, જેમ કે માદક દ્રવ્યો તથા દારૂના બેકાબૂ સેવનના પરિણામ સ્વરૂપે.

કોઇ ચીજ-વસ્તુ કે સેવા મેળવવા માટે પૈસા ઉછીના લીધા હોય અને એ આઇટમ માટે ગ્રાન્ટ મળી શકે એમ ના હોય તો પણ તમે એ કરજ ચૂકવવા અર્થે કોમ્યુનિટી કેર ગ્રાન્ટ માગી શકો છો.

તમને મળેલ રકમથી તમને સંતોષ ના હોય તો ફેરવિચારણાની માંગ કરવી જોઇએ.

## યુક્તિ-પ્રયુક્તિઓ

- જો કોમ્યુનિટી કેર ગ્રાન્ટ મળી શકે એમ હોય તો પછી બેનિફિટની રકમમાંથી પાછા ભરપાઇ કરવા પડે એવા બજેટ લોન કે ક્રાઇસિસ લોનને બદલે આ ગ્રાન્ટ જ માગવી જોઇએ. બાકાત રખાયેલી આઇટમ સિવાય કોઇ પણ આઇટમ માટે મદદ માગી શકાય છે.
- તમને જોઇતી દરેક ચીજ-વસ્તુ વિષે પૂરેપૂરી વિગત તમે ઍપ્લિકેશન ફોર્મ (SF300) ભરો ત્યારે તેમાં આપવી જોઇએ. જેટલી સ્પષ્ટતા કરી શકાય એટલી કરો (દા. ત. 'ફર્નીચર' કે 'વસ્ત્રો' જોઇએ છે એમ કહેવા કરતાં ફર્નીચરની કઇ આઇટમ કે કયા કયા વસ્ત્રો જોઇએ છે એ બતાવવું), અને દરેક આઇટમની ખરી કિંમત યા વ્યાજબી રીતે અંદાજેલી કિંમત બતાવો. જે જે આઇટમ બાકાત રખાય છે તેને માટે કોમ્યુનિટી કેર ગ્રાન્ટ ના મળી શકે. આ બારામાં વધારે સલાહ જોઇએ તો કોઇ વેલફેર રાઇટ્સ વર્કરને પૂછો.
- આગળ ઉપર આપેલ મુદ્દાઓમાંથી કોઇ મુદ્દો કેવી રીતે લાગુ પડે છે તે ઍપ્લિકેશનમાં બતાવવું જોઇએ. દા. ત. તમે માગેલી રકમ જે તે માણસને સમાજની વચ્ચે રહેવા માટે કઇ રીતે સહાય કરશે, યા તમારી ઉપર કે તમારા પરિવાર ઉપર આવી પડેલ અસાધારણ તનાવમાં એ કઇ રીતે રાહત આપશે એ બતાવી શકાય.
- સોશિયલ ફંડ તરફથી અગ્રતાક્રમ આંકવા માટેનું માર્ગદર્શન લક્ષમાં લઇ, તમારે બતાવી આપવું પડશે કે તમારી અરજીને શા માટે અગ્ર કે અગત્યની ગણવી જોઇએ. લોકલ માર્ગદર્શન તમને લોકલ ઓફિસમાંથી મળી શકશે, અને યોગ્ય લાગે તો તેને અનુસરજો. પુરાવા રૂપે કોઇ કાગળિયાં - દા. ત. ડૉક્ટર કે સોશિયલ વર્કર પાસેથી - મળે તો એ પણ મોકલી શકાય.

## ફેર-વિચારણા ક્યારે માગી શકાય

**નીચે બતાવેલ કારણ લાગુ પડે તો તમે ડીડબ્લ્યુપી પાસે ફેર-વિચારણા માગી શકો છોઃ**

૧. તમને ગ્રાન્ટ નકારવામાં આવી હોય;

૨. તમે ગ્રાન્ટ અને લોન બન્ને માટે અરજી કરી હોય અને ડીડબ્લ્યુપી તમને લોન આપે;

૩. તમને અપાતી રકમથી તમને સંતોષ ના હોય. જો કે નિર્ણયને તમે પડકારો તો પણ જે રકમ તમને મળી હોય તે રાખી લેવી.

## ફેર-વિચારણા કેવી રીતે માગવી

ગ્રાન્ટ માટેનો નિર્ણય લેવાયા બાદ ૨૮ દિવસની અંદર તમારી લોકલ ડીડબ્લ્યુપી ઓફિસને ફેર-વિચારણા માટે લેખિતવાર અરજી કરવાની હોય છે.

ફેર-વિચારણા માટેના સર્વે કારણો લખવા જોઇએ. તમારી સમસ્યાની તમામ વિગતોથી ડીડબ્લ્યુપીને વાકેફ કરો. એને ફરીથી જણાવો કે તમને શા માટે ગ્રાન્ટની જરૂર છે અને ગ્રાન્ટ નહીં મળે તો શું શું તકલીફ પડશે. તમારી

માગણીને સમર્થન આપતો પત્ર તમારા ફૅમિલી ડૉક્ટર, સોશિયલ વર્કર, પ્રોબેશન ઓફિસર કે હેલ્થ વિઝિટર પાસેથી બની શકે તો મેળવી લો. નીચે બતાવેલ બે બાબતમાંથી કોઇ લાગુ પડે તો સોશિયલ ફંડના અફસરે આ અરજી ઉપર ફેર-વિચારણા કરવી જ પડે:

૧. નિર્ણય લેતી વખતે ડીડબ્લ્યુપી તમારી અરજી બારામાં કોઇ અગત્યની બાબત વિષે અજ્ઞાત હોય;

૨. મૂળ અરજી કર્યા બાદ તમારી પરિસ્થિતિમાં કોઇ પલટો આવ્યો હોય.

ડીડબ્લ્યુપી ફેર-વિચારણા કરવા કબૂલ થાય તો તમને લેખિત જણાવશે. ફેર-વિચારણા કરવા કબૂલ ના થાય તો તમને કાર્યાલયમાં ઇન્ટરવ્યુ માટે બોલાવી રૂબરૂ વાતચીત કરશે. ઇન્ટરવ્યુ વખતે તમારી સાથે કોઇ મિત્ર કે પ્રતિનિધિને લઇ જઇ શકાય છે. તમે કાર્યાલયમાં ના જઇ શકો તો ઇન્ટરવ્યુ માટે ઘરે વિઝિટ ગોઠવી શકાય છે. સંભવ છે કે ટેલિફોન ઉપર પણ ઇન્ટરવ્યુ લેવાઇ જાય.

## *બીજી વખતની ફેર-વિચારણા કેવી રીતે માગવી*

ફેર-વિચારણાની તમારી માગણીને સંતોષકારક ઉત્તર ના મળે તો સોશિયલ ફંડ ઇન્સ્પેક્ટરને બીજી ફેર-વિચારણા માટે કહી શકો છો. પ્રથમ નિર્ણયના ૨૮ દિવસની અંદર ડીડબ્લ્યુપી ઓફિસને લેખિતવાર અરજ કરવાની હોય છે.

ગણતરીના દિવસોમાં જ તમને કાગળિયાં મોકલવામાં આવશે જેના થકી બીજી ફેર-વિચારણા માટેના કારણો લખી જણાવવાનું સોશિયલ ફંડ ઇન્સ્પેક્ટરની ઓફિસ તમને કહેશે. ઇન્સ્પેક્ટરની ઓફિસને દેવાનો જવાબ તૈયાર કરવા માટે યા સામાન્ય સલાહ માટે લૉ સેન્ટર મદદ કરી શકે છે. એપોઇન્ટમેન્ટ માટે નીચે બતાવેલ નંબર ઉપર ફોન કરો. સોશિયલ ફંડ ઇન્સ્પેક્ટર તમારી માગણી સ્વીકારશે યા નકારશે, યા તો લોકલ ડીડબ્લ્યુપી ઓફિસને મામલો પાછો સોંપશે. જો સોશિયલ ફંડના અફસર પાછા તમારી અરજી નકારે તો તો તમે ઇન્સ્પેક્ટરને ફરીથી અરજી કરી શકો છો.

જો સોશિયલ ફંડ ઇન્સ્પેક્ટર પોતે નિર્ણય બદલવાનો ઇન્કાર કરે તો એને પડકાર કરવાનું ઘણું મુશ્કેલ બની રહે છે. સામાન્યત્ આને માટે જ્યુડિશિયલ રીવ્યુનો રાહ લેવો પડે. લૉ સેન્ટર તમને સલાહ આપી શકશે.

## નોંધ:

ડીડબ્લ્યુપીનો નિર્ણય તમને અન્યાયી લાગે તો પણ કોઇ સ્વતંત્ર (ત્રાહિત) પંચ સમક્ષ ધા નાખવાનો અધિકાર તમને નથી મળતો.

આ પરિપત્રમાં આપેલ માહિતી સાચી તેમ જ આજની તારીખને અનુરૂપ છે તેની બને એટલી ચોકસાઇ રાખવામાં આવી છે. આમ છતાં, કાયદાની દૃષ્ટિએ એને સંપૂર્ણ કે સત્તાવાર ન ગણી શકાય, કાનૂની સલાહ ન કહેવાય, તેની ખાસ નોંધ લેવી. આ માહિતીમાં કોઇ પ્રકારની ભૂલચૂક હોય તેને માટે, કે તેનાથી ઉપજતા માઠા પરિણામ માટે અમોને જવાબદાર ન ઠેરવી શકાય. ઇંગ્લેન્ડ અને વેલ્સમાં વસતા અને એના કાયદાઓની અસર તળે આવતા લોકો માટે જ આ પરિપત્ર તૈયાર કરવામાં આવેલ છે.

**કોમ્યુનિટી કેર ગ્રાન્ટ: ડીડબ્લ્યુપી તરફથી પ્રસંગોપાત એક વખત મળી શકે એવી આર્થિક મદદ.**